PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ઓક્ટો. - ૨૦૨૨, અંક નં. ૧૧૮ / ૪૮૪

‘ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બાળકો માટે કામ કરી રહ્યાં છે,
‘અંકુર’ શાળા અને અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર’

## ‘બધાં કમાભાઈ જેવા નસીબદાર નથી હોતા પરંતુ તેના જેવા અનેક આપણી વચ્ચે છે.’



શુભ દિપાવલી

પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Octo.- 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર


અર્હમ ગ્રુપ દ્વારા શ્રવણયંત્ર વિતરણ



તિરંગા યાત્રા


મતદાન જાગૃતિ કેમ્પ (દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે)




શિક્ષકદિનની ઉજવણી

પ્રવાસ



# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . ૦૪
- 'બધાં કમાભાઈ જેવા નસીબદાર નથી હોતા પરંતુ તેના જેવા અનેક આપણી વચ્ચે છે.' . . . . . . . ૦૫
- દાતાશ્રી ડી.કે. અજમેરા સંસ્થાની મુલાકાતે. . . . . . . ૦૬
- ભૂરખિયા હનુમાનજી સ્થળે યોજાયેલ કૃત્રિમ હાથ-પગનો કેમ્પ . . . . . . . . . . . . . ૦૬
- તળાજામાં સ્પીચ થેરાપી તથા હેલ્થ પોલિસી માર્ગદર્શન . ૦૭
- પાર્કિન્સન્સની બિમારીના લક્ષણોને ઓળખવા જરૂરી . . ૦૭
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૮
- સકસેસ સ્ટોરી. . . . . . . . . . . . . . . . . . ૦૮
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . ૦૯
- ફ્રી રસીકરણ કેન્દ્ર . . . . . . . . . . . . . . . ૦૯
- સકસેસ સ્ટોરી. . . . . . . . . . . . . . . . . . ૦૯
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૦
- 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . ૧૨
- ટિચર્સ ટ્રેનિંગ કોલેજ - વિઝયુઅલી ઈમ્પાયર્ડ . . . . . . ૧૩
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ . . . . . . . ૧૪
- દિશા કમ વિકાસ પ્રોજેકટ . . . . . . . . . . . . . ૧૫
- પી.આર.વી. કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . . . . . ૧૫
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . ૧૬
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૭
- શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય . . ૧૮
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય . . . . . ૧૯
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૧૯
- 'અંકુર' શાળા - ટિચર્સ ટ્રેનિંગ કોલેજ. . . . . . . . . ૨૦
- ઓડિટેડ એકાઉન્ટ ૨૦૨૧-૨૨ (વિહંગાવલોકન) . . . . ૨૦
- નટરાજ લાઈબ્રેરી . . . . . . . . . . . . . . . . ૨૦
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . ૨૧
- ૩૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM). . . . . . . . . . ૨૨
- વૃક્ષ દેવો ભવ : . . . . . . . . . . . . . . . . . ૨૨
- વિનામૂલ્યે મોતિયાનો કેમ્પ યોજાયો. . . . . . . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વિક્રમ સંવતની નવલી શુભેચ્છાઓ...

**પ્રિય વાચક મિત્રો,**

આપ સૌને વિક્રમ સંવત ૨૦૭૯ ના નૂતન વર્ષાભિનંદન.

શારીરિક, માનસિક, રૂગ્ણતાગ્રસ્ત કોરોના કાળ, તથા આર્થિક મંદીથી ઘેરાયેલ પાછલાં વર્ષ કરતા, સંવત ૨૦૭૮ નું વર્ષ પ્રસન્નતા અને પ્રગતિ માટે સારું રહ્યું. જે આપણને તાજેતરમાં, PNR અને સંલગ્નિત સંસ્થાઓની AGM માં રજૂ થયેલ વાર્ષિક અહેવાલ અને ઓડિટેડ રિપોર્ટમાં જોવા મળે છે.

ગત વર્ષમાં રમત ગમત ક્ષેત્રે દિવ્યાંગોએ મેળવેલ ગોલ્ડ, સિલ્વર, અને બ્રોન્ઝ મેડલની ગાથાઓ, IT ક્ષેત્રમાં તેઓએ પ્રાપ્ત કરેલ શિક્ષણ-રોજગારી માટે લેપટોપની સાધન સહાય,"ઈન્કલુઝન" સમાવેશીકરણ અંતર્ગત દિવ્યાંગ મહિલાઓ તાલીમબધ્ધ થઈ, મહિલા સશકિતકરણ પ્રોજેકટ અંતર્ગત પોતાના પગભર થઈ. એટલું જ નહીં પણ સમધારણ મહિલાઓને નોકરી આપતી પણ થઈ છે.

મોટી સંખ્યામાં વિશિષ્ટ શિક્ષકોની ભરતી કરવાનું ઘણાં લાંબા સમય પછી, સરકારશ્રીએ જાહેર કર્યુ છે. જેથી છ દાયકાથી ચાલતી આ વિશિષ્ટ સંસ્થાઓના તજજ્ઞો પાસેથી તાલીમ લેવા, આ વર્ષમાં ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી તાલીમાર્થીઓ પણ આવશે.

કોરોના પણ હવે લગભગ જવાની તૈયારીમાં છે અને આ વર્ષે મેઘરાજાની મહેર સારી રહી છે, તેથી આર્થિક તેજી આવશે અને સેવાક્ષેત્રોને સહાય પણ વધશે. અત્યારે દાતાશ્રીઓના અનુદાનથી શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો પણ પ્રગતિમાં છે.

આશા રાખીએ આ નૂતન વર્ષ આપણા દિવ્યાંગ બાળકો માટે સર્વે પ્રકારની વિશિષ્ટ સિધ્ધિઓનું થાય તેવી શુભકામનાઓ...

**કિરીટ રાઠોડ**

*Work is the rent you pay for the room you occupy on earth.*

**- Late Her Majesty queen Elizabeth II**


- **Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૮ / ૪૮૪**
૧૫ ઓક્ટોબર - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
૨૪૩૧૧૬૦
**E-mail** : info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us** : www.pnrsociety.org
www.klinstitutedeaf.org
- તંત્રી
**અનંત કે. શાહ**
- સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
**અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
**રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



## Nataraj C.P. School's Highlights

September '22 was for Nataraj Cerebral palsy Special school has been full of activities. Celebration of Physiotherapy Day, Teachers Day, religious festivals and workshop for Voting Card awareness besides Orthosis Management in the school and rural centers have earned acclaims from parents of the C.P. wards in the school and under care. This is not all. Assessment and Guidance camp for children and students with Intellectual Disability and Multiple Disability for mainstreaming them was a great success as parents of victims attended in great numbers.

## KLID ON Fast-Tract

Besides high order performance of schools run by K. L. Institute for the Deaf (KLID) its P. R. Vadhar Workshop organised a much-needed free camp in Bhurakhia Hanumanji temple of Bhavnagar and supplied 14 artificial appliances to 13 handicapped. TD vaccination (Titanus & Diptharia) of its wards has been the most praised gesture of the KLID, Earlier in July'22 camp was organised with 296 beneficiaries in Bhavnagar. A Camp organised in Bilaspur had 130 beneficiaries. A total number of 1133 knee-braces were fitted in Camps organised in Banglore, Shilonga, Shirshi, Birbhom and Kochi.

## PNR High-Tech Inclusive School Excels

With two educative tours, celebration of Gujarati Bhasha Diwas, Youth Voting education, Camp of health checkup, Traffic rule education. Teacher's Day the only inclusive school has taken a great leap forward.

## Other Activities

Ankur School for Mentally Retarded, AT&T technology Park, PNR Special Hospital, V.C. Lodhavala hospital and important projects rendered their activities/services. This issue also furnishes success stories, useful information for people with Disability.



Orthosis Camp

# 'બધાં કમાભાઈ જેવા નસીબદાર નથી હોતા પરંતુ તેના જેવા અનેક આપણી વચ્ચે છે.'



'કમો' આ નામ હવે સહેજે અજાણ્યું નથી. ડાયરાના ઈન્ટરનેશનલ કલાકારો જેટલા જ લોકપ્રિય આ કમાભાઈ છે અને યુ-ટ્યુબ પર તેના કરોડો ફોલોઅર્સ છે. તેનું નામ કમલેશ નરોત્તમભાઈ નકુમ અને તેની ૨૯ વર્ષ ઉંમર છે. તે વઢવાણ તાલુકાના કોઠારીયા ગામનો વતની છે અને શ્રી વ્રજ ભગત રામ રોટી અન્નક્ષેત્ર આશ્રમમાં સેવાનું કામ કરે છે. આ કમાભાઈ કોઈ કલાકાર નથી, પણ ડાઉન સિન્ડ્રોમ નામની ક્ષતિ ધરાવે છે. રંગસૂત્રોની ખામીના આધારે થતી આ ક્ષતિ જીનેટીક હોય છે. ભારતમાં ૧૬૬ જન્મજાત શિશુઓમાં ૧ બાળક આ ક્ષતિગ્રસ્ત જોવા મળે છે. બાળકોમાં જો કે આ તમામ'કમાભાઈ' જેવા નસીબદાર નથી હોતા અને પોતાની જિંદગી તેઓ પોતાના માતા-પિતા અને પરિવારના સહારે જીવતા હોય છે. આવા અને એમ.આર. (મંદબુધ્ધિ) બાળકો માટે ગુજરાતમાં ૮૦થી વધુ સંસ્થાઓ કામ કરી રહી છે અને તેમાં ભાવનગર અવ્વલ છે. ભાવનગરની 'અંકુર' શાળામાં આવા બાળકોને તદ્દન વિનામૂલ્યે જરૂરી શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે. આવી કદાચ ગુજરાતમાં બહુ જ ઓછી સંસ્થા છે.

**'ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બાળકો માટે કામ કરી રહ્યાં છે, 'અંકુર' શાળા અને અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર'**

આ શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાની કહે છે કે, ''સંસ્થામાં વિવિધ પ્રકારની મંદબુધ્ધિ ધરાવતા ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. આ પૈકી ૪૦ બાળકો **ડાઉન સિન્ડોમ** ધરાવે છે. આવા બાળકો, તેમના એક સરખા ચહેરા અને જીભમાં ચીરા, પગના અંગૂઠા અને આંગળા વચ્ચે જગ્યા, જેવા લક્ષણોથી અને તેના વર્તનથી ઓળખી શકાય છે. કમાભાઈને જૂઓ કે આવી જ બીમારી ધરાવતા કોઈ કેતનભાઈને જુઓ, બધા જ એક સરખા લાગે. આવા બાળકોમાંથી ૧૦% ને હૃદયમાં તકલીફ તથા તેમની રોગપ્રતિકારક શક્તિ પણ ઓછી હોય છે. તેમના આરોગ્યની ખાસ કાળજી લેવી જરૂરી હોય છે, કારણ કે તેમને **ઈન્ફેક્શન** જલ્દીથી થતું હોય, બીમાર પડે છે અને કયારેક સામાન્ય બીમારી પણ જીવલેણ સાબિત થાય છે. આ એક જીનેટિક ડિસઓર્ડર છે અને તેનો સંપૂર્ણ ઈલાજ શક્ય નથી, પરંતુ તેમને તેની બુધ્ધિક્ષમતા મુજબ અક્ષરજ્ઞાન, સામાન્ય ગણિત, વ્યવહાર, સ્વાવલંબન શિખવી શકાય છે. આ ઉપરાંત તેમને આંશિક પગભર કરવા તે કરી શકે તેવી વ્યવસાયિક તાલીમ પણ 'અંકુર' શાળામાં આપવામાં આવે છે.''

આ 'અંકુર' સંસ્થા ઉપરાંત પી.એન.આર. સોસાયટી દ્વારા જ સંચાલિત, 'અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર'માં પણ આ જ કામ થઈ રહ્યું છે. આ શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી જણાવે છે કે, ''આવા બાળકો લાગણીશીલ હોય છે વહેલાસર નિદાન અને સારવાર, તેને સમાજની મુખ્ય ધારામાં ભળવા માટે સક્ષમ બનાવે છે. રમત-ગમત અને સંગીત-કલામાં તેમની વિશેષ રૂચિ હોય છે. બધાને કંઈ 'કિર્તીદાન' મળવા મુશ્કેલ છે. પરંતુ આવા બાળકોને પ્રેમ અને પ્રોત્સાહન આપી આત્મ ગૌરવ સાથે જીવવામાં જરૂર મદદ કરી શકાય.'' શ્રી જીજ્ઞાબેન આગળ જણાવે છે કે, ''આ ડિસેબિલિટી ધરાવતા બાળકોનો જન્મ થયા બાદ નિદાન થતા જ ઉપચારાત્મક પગલા લેવામાં આવે, તો બાળકમાં સુધારો થવો સરળ બને છે. અન્યથા મોટી ઉંમરે તેને તાલીમ માટે મૂકવામાં આવે ત્યારે ખૂબ પડકારાત્મક હોય છે. આ એક જીવનપર્યંતની ક્ષતિ અને તે આ આપણાંજમાંના કોઈ એક છે, તેથી વહેલાસર આપણા દ્વારા સ્વિકાર, પ્રેમ અને સહયોગની તેઓને જરૂર હોય છે અને જો તે મળે, તો તે ઘણી સિધ્ધિઓ મેળવી શકે છે. આવા બાળક કે વ્યક્તિને જુઓ ત્યારે તેની સાથે યોગ્ય વ્યવહાર કરીએ તો પણ ઘણું છે.'' મેઘજીભાઈ કહે છે, ''અન્ય સંતાનો માતા-પિતાને મુકીને ચાલ્યા જાય, ત્યારે આ સંતાન, તે માતા-પિતાનો સહારો બન્યાના દાખલા મોજુદ છે.'' તો જીજ્ઞાબેન સોલંકી જણાવે છે, ''**કમાભાઈ** જેવા નસીબ થોડાના હોય, પરંતુ બાકીનાને તે પોતે કમનસીબ છે તેમ લાગે તેવું વર્તન ન કરીએ અને યોગ્ય રીતે સહયોગી બનીએ તો પણ પૂરતું છે. ૧૯૯૯માં અમલમાં આવેલ નેશનલ ટ્રસ્ટ એક્ટમાં આ પ્રકારના મનોદિવ્યાંગ, મગજનો લકવા, ઓટિઝમ, બહુ વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે ખાસ લિગલ ગાર્ડિયનશીપ (કાયદેસરના વાલી) ની જોગવાઈ કરેલ છે. જે તેમની સામાજિક, આર્થિક અને વ્યક્તિગત બાબતોમાં નિર્ણયાત્મક ભૂમિકા ભજવે છે. આવા વ્યક્તિઓને મજાક ન બનાવવા. તેને પગભર બનાવીએ તે મોટી સમાજસેવા ગણાશે.''

**સૌજન્ય : દિવ્ય ભાસ્કર વેબપોર્ટલ**



# દાતાશ્રી ડી.કે. અજમેરા સંસ્થાની મુલાકાતે...

મુંબઈથી પધારેલશ્રી ધનવંતભાઈ કે. અજમેરા તથા મહેન્દ્રભાઈ અજમેરા અને ટીમની PNR સોસાયટીની મુલાકાત તા. ૧૯ થી ૨૨ સપ્ટે. સુધી થયેલ. જેમાં તા. ૧૯ સપ્ટે.ʼ૨૨ ના રોજ નટરાજ કોલેજમાં આગમન પછી, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના વોકેશનલ સેન્ટરમાં દિવ્યાંગ બાળકો સાથે શ્રીમદ્ રાજચન્દ્ર સાનિધ્ય ભક્તિમાં તલ્લીન રહી, સંસ્થા દર્શન કરી, ટ્રસ્ટીગણ, કર્મચારીગણ સાથે મંદબુધ્ધિના બાળકોની વાલીઓની સમસ્યાઓ, પ્રગતિ, જરૂરતો અંગે ચર્ચા કરી, બાળકો સાથે પણ મજા કરી. બપોર પછી નટરાજ ઓડિટોરિયમમાં સી.પી. સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટના દિવ્યાંગ બાળકો દ્વારા પ્રસ્તુત **રંગારંગ કાર્યક્રમ** તથા **રે ઓફ હોપ**ની ડોકયુમેન્ટરી નિહાળી અને ટ્રસ્ટીગણ સાથે વિચારોની આપ લે કરી. તા. ૨૦ સપ્ટે. ના રોજ પી.એન.આર. હોસ્પિટલમાં શ્રી ધનવંતરાય કે. અજમેરાના વરદ હસ્તે **ફ્રી રસીકરણ કેન્દ્ર**નું ઉદ્ઘાટન થયેલ. બી.સી.જી., પોલિયો, ઓરી હિપેટાઈટીસ બી, ત્રિગુણી રસી વિગેરે બાળકોને દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ અપાશે.

તેઓએ હોસ્પિટલના બધા જ વિભાગોની પ્રવૃત્તિઓ જોઈ માહિતી મેળવી. મોતિયાના દર્દીઓ સાથે સમસ્યાઓ અંગે વાતચીત કરી. અંધ ઉદ્યોગ શાળાની પ્રાર્થનામાં ભાગ લીધો તથા અંધશાળાની પ્રવૃત્તિઓની અવગત થઈ, સંચાલકો સાથે ચર્ચા કરેલ.

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની મુલાકાત પણ લીધી. જેમાં મહાવીર ઓડિટોરિયયમાં દિવ્યાંગો દ્વારા પ્રસ્તુત મનોરંજન કાર્યક્રમ માણ્યો. પી.આર. વાધર આર્ટિફીશીયલ લિમ્બ સેન્ટરની સાથે, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં જઈ દિવ્યાંગ વ્યક્તિઓની વ્યવસાયિકની પ્રવૃત્તિ જોઈ પ્રભાવિત થયા. વી.સી. લોઢાવાળા હોસ્પિટલની મુલાકાત તથા ભાવનગરમાં કાર્યરત અન્ય સેવાકિય સંસ્થા મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, સર.ટી. હોસ્પિટલ, વડવા ભોજન શાળા, રકતપિત્ત આવાસ અને વિકલાંગ મહિલા આવાસની મુલાકાત પણ લીધેલ. આ રીતે શ્રી અજમેરાભાઈ અને તેમના પરિવારજનો સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થયા અને શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન તથા એમના પરિવાર અને મિત્રવર્તુળ તરફથી અંદાજે રૂા. ચાર લાખનું ડોનેશન આપણી વિવિધ સંસ્થાઓને જાહેર કરાયું હતું.

## ભૂરખિયા હનુમાનજી સ્થળે યોજાયેલ કૃત્રિમ હાથ-પગનો કેમ્પ

શ્રીમતી પી.આર. વાધર વર્કશોપમાં તાજેતરમાં **શ્રી મુકતાબેન મનહરલાલ પારેખ (યુ.એસ.એ.)** તરફથી કુલ ૧૩ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને ૧૪ કૃત્રિમ સાધનો પૂરાં પાડવામાં આવેલ હતાં. જેના લાભાર્થીઓને શ્રી ભૂરખીયા હનુમાનજી મુકામે કેમ્પ યોજી ત્યાં પૂરાં પાડવામાં આવેલ હતાં. જેમાં આખા હાથ-૩, અડધો હાથ-૧, આખા પગ-૪, અડધા પગ-૪ તથા ૧-અન્ય એમ કુલ ૧૪ સાધનો દાતાશ્રી તરફથી પૂરાં પાડવામાં આવેલ. જેના લાભાર્થીઓ બાબરા, આટકોટ, અમરેલી, મહુવા તેમજ દામનગરથી આવેલ. જેમાં હનુમાનજીદાદાના સાનિધ્યમાં જ દિવ્યાંગોને સાધનો પહેરાવી, પ્રથમ દાદાના દર્શન કરાવેલ. બપોરના ભોજનની વ્યવસ્થા દિવ્યાંગો તથા તેમના સહાયકો માટે દાતાશ્રી તરફથી મંદિરમાં કરવામાં આવેલ.



# તળાજામાં સ્પીચ થેરાપી તથા હેલ્થ પોલિસી માર્ગદર્શન



PNR સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ, તળાજા ખાતે ચાલતા દિવ્યાંગ બાળકોના કેન્દ્ર ઉપર **સ્પીચ થેરાપી એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સંસ્થાના સ્પીચ થેરાપીસ્ટ ડૉ. અંબર ગુપ્તા દ્વારા બાળકોના વાલીઓને વાણી, ભાષા તથા વાતચીતના દોષની તપાસ કરી વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ સાથે **નિરામયા હેલ્થ પોલિસી** માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સંસ્થાના શ્રી હિતેશભાઈ ઓઝા દ્વારા નિરામયા હેલ્થ પોલિસી વિશે માહિતી આપવામાં આવી હતી.

# વડીલોમાં વધારે જોવા મળતી પાર્કિન્સન્સની બિમારીના લક્ષણોને ઓળખવા જરૂરી

**સ્વાસ્થ્ય સંભાળ : ઉંમર વધવાની સાથે ઘણી એવી બિમારીઓ થઈ જાય છે જે ઘડપણને અઘરું બનાવી દે છે. તેમાંથી એક બિમારી છે પાર્કિન્સન્સની તકલીફ...**

પાર્કિન્સન્સની બીમારીમાં હાથ સુન્ન થઈ જાય છે, તેમજ મગજ વ્યવસ્થિત રીતે કામ કરવાનું બંધ કરી દે છે. આ બીમારીમાં શરીરના ઘણાં અંગોને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા ગુમાવી બેસાય છે, આ એક ન્યૂરોડિજેનરેટિવ ડિસઓર્ડર છે. ૬૦ વર્ષની ઉંમર પછી કેટલાક વડીલો આ બીમારીનો ભોગ બને છે. જો કે શરૂઆતમાં આ બીમારીના લક્ષણોને ઓળખવા અઘરાં છે. શરીરના અંગો પર આ બીમારીની અસર ધીરે-ધીરે થવા લાગે છે. આ બીમારીની ચાલવા, વાાત કરવા, સુવા અને વિચારવા એમ બધી જ રોજિંદી ક્રિયા પર અસર થાય છે. જો કે આ બિમારીની કોઈ સારવાર નથી. માત્ર વહેલી તકે તેના લક્ષણો ઓળખીને તેના પર નિયંત્રણ લાવી શકાય છે.

## પાર્કિન્સન્સ બિમારીના લક્ષણ :

✻ **ધ્રુજારી આવવી :** પાર્કિન્સન્સની બીમારીનું આ એક મુખ્ય લક્ષણ છે, જેમાં વડીલને શરીરમાં ધ્રુજારી આવે છે. આ બીમારીમાં શરીરના કોઈ પણ અંગમાં ધ્રુજારી ઉપડે છે, પણ શરૂઆતમાં આંગળીઓ અને હાથમાં ધ્રુજારી થાય છે. જ્યારે તમારું શરીર આરામની સ્થિતિમાં હોય છે ત્યારે ધ્રુજારી આવે છે.

✻ **ઓછી કાર્યક્ષમતા :** ઉંમરની સાથે-સાથે આ બીમારીના લક્ષણમાં ઓછી કાર્યક્ષમતા પણ જવાબદાર છે. પાર્કિન્સન્સમાં વડીલની કાર્યક્ષમતા ઓછી થતી જાય છે. આ પરિસ્થિતિમાં તમને સરળમાં સરળ કામ પણ અઘરું લાગવા લાગે છે અને કોઈ પણ કામ કરવામાં વધારે સમય લાગી જાય છે.

✻ **હલન-ચલનમાં પરિવર્તન :** શરૂઆતમાં ધ્યાનમાં પણ ન આવે તે રીતે શરીરના હલન-ચલનમાં પરિવર્તન આવે છે. આ બીમારીમાં હાથ અને પગમાં સામાન્ય ધ્રુજારી આવે છે તેમજ આંગળીઓમાં પણ ધ્રુજારી આવે છે. આ ઉપરાંત વ્યક્તિની ચાલવાની રીતમાં પણ બદલાવ આવે છે. તે થોડી આગળની બાજુ વળીને ચાલવા લાગે છે. તેમની હાથની પકડ મજબૂત રહેતી નથી. આ કારણે તેઓ કોઈ પણ વસ્તુ પકડવા જાય છે ત્યારે તેને નીચે પાડી દે છે.

✻ **લખવામાં મુશ્કેલી થવી :** આ બીમારીનું અન્ય એક લક્ષણ છે જેમાં તેમને લખવામાં મુશ્કેલી પડે છે. પેન પકડતી વખતે ધ્રુજારીને કારણે તેમનો અંગૂઠો અને તર્જની એકબીજા સાથે ઘસાવા લાગે છે. આ પરિસ્થિતિમાં તેમનો હાથ ઝડપી ગતિથી હલવા લાગે છે.

✻ **અવાજમાં પરિવર્તન :** પાર્કિન્સન્સની બીમારીમાં કેટલાક લોકોના અવાજમાં પણ બદલાવ આવે છે. તેમના અવાજ તેમજ ઉચ્ચારણમાં પરિવર્તન આવે છે. જો તેમના શરીરમાં આ લક્ષણ જોવા મળે તો સમજવું કે તેમને પાર્કિન્સન્સની બીમારી થવાની શરૂઆત છે.

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



મનસુખ સોરઠિયા

## દાંતના રોગોનો ટોકનદરે નિદાન કેમ્પ :

દાંતમાં દુખાવો, સડી ગયેલા દાંતમાં ચાંદી પૂરવી, દાંતના મુળિયાની સારવાર, દાંત પર કવર (કેપ) બ્રીજ, ફિક્સ ચોકઠાં, પાયોરિયા, પેઢાના તથા દાંતને લગતા તમામ રોગોનો રાહતદરે કેમ્પ તા. ૩૦ ઓગસ્ટના રોજ રાખવામાં આવેલ. જેમાં કુલ ૦૮ લાભાર્થીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં ડૉ. વંદનાબેન દેવમુરારી દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

## ઘુંટણના વા, ફિઝીયોથેરાપીનો ટોકનદરે કેમ્પ :

તા. ૩૦ ઓગસ્ટ ૨૨ ના રોજ ઘુંટણનો ઘસારો, ઢાંકણીનો ઘસારો, સાંધાની જકડન, ઘુંટણની ઢાંકણી ઘસાઈ જવી, ઘુંટણનો સોજો, ચાલવામાં તથા રોજબરોજના કામ કરવામાં તકલીફ થવી તથા ઘુંટણના સાંધાના કરેલા ઓપરેશન વાળા દર્દીઓ માટે ટોકનદરે ફિઝીયોથેરાપી દ્વારા સારવારનું માર્ગદર્શન-તપાસનું આયોજન કરવામાં આવેલ.

## વા, સાંધાના દર્દીઓ માટે ટોકનદરે કેમ્પ :

તા. ૩૦ ઓગસ્ટ ૨૨ ના રોજ વા, સાંધાના દુખાવાના દર્દીઓ માટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. મુકુંદભાઈ પડયા (બી.એ.એમ.એસ.) દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. વા, સાંધાના દુખાવા, રુમેટિઝમ, આર્થરાઈટિઝ, સાઈટિકા, ગાઉટ, રાંજણ, માટે આયુર્વેદિક માર્ગદર્શન ડૉ. કપીલભાઈ દેવમુરારી (બી.એ.એમ.એસ.) દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

## થાઈરોડના દર્દીઓ માટે રાહતદરે કેમ્પ :

તા. ૩૦ ઓગસ્ટ ૨૨ ના રોજ આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ સંસ્થા દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે કે કોઈપણ ભોગે અમૂલ્ય માનવ જીવન બચાવવી શકાય તે માટે જ પ્રત્યેક માસે વિનામૂલ્યે / રાહતદરે કેમ્પનું આયોજન કરીને, ભાવનગરની જાહેર જનતાને વધુમાં વધુ લાભ આપી શકાય.

## સક્સેસ સ્ટોરી


**બાળકનું નામ :** ધરમ કમલેશભાઈ ચૌહાણ, ઉંમર : ૯ વર્ષ

**ટ્રેનિંગ લીધેલ સમય :** ૩ મહિના

**સમસ્યા :** સી.પી. - સેરેબ્રલ પાલ્સી

**સારવાર પહેલાં :** સારવાર પહેલાં જ્યારે આ બાળક સી.પી. સ્કૂલમાં આવ્યું ત્યારે ખૂબજ રડતુ હતું. કોઈની સાથે વાત પણ નહોતુ કરતું. એક જગ્યાએ બેસતું પણ ન હતું. આ બાળક A.D.L. સેશનમાં આવ્યું ત્યારે તેને ગમતું નહીં. બટન ખોલતા બંધ કરતા આવડતા ન હતાં. માથામાં તેલ નાખીને માથું ઓળતા ન આવડતું. દોરીની ગાંઠ વાળવી, બુટની વાધરી બાંધવી જેવું કામ કરવામાં મુશ્કેલી પડતી હતી.

**સારવાર બાદ :** ૩ માસની સતત ટ્રેનિંગ બાદ બાળક A.D.L. ના સમય દરમ્યાન માતા વગર લાંબા સમય સુધી બેસીને પ્રવૃત્તિ કરતા શીખી ગયું છે. જેમકે જાતે શર્ટ પહેરવો, બટન બંધ કરવા-ખોલવા, માથામાં તેલ નાખવું, માથું ઓળાવવું, સેંડલ પહેરવા, બુટની વાધરી બાંધવી, દોરીને ગાંઠ વાળવી અને પોતાની જાતે ડ્રેસિંગ કરે છે. બધા સાથે હળી મળીને રહે છે. આમ બાળકનો રોજીંદા જીવનની ક્રિયામાં A.D.L. શિક્ષણ વિગેરે દ્વારા ખૂબજ સુધારો જોવા મળે છે.



ધરમ ચૌહાણ

શિક્ષક મીરાબેન પરમાર



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**ઓગષ્ટ -`૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૨૦ | ૦૭ | જનરલ ઓપીડી | ૬૨૮ | - |
| આંખ | ૪૩૭ | ૧૮૪ | એક્ષ-રે | ૬૩ | - |
| આંખની છારી | ૧૧ | - | લેબોરેટરી | ૩૬૫ | ૧૩૩૪ (ટેસ્ટ) |
| ઈ.એન.ટી. | | | ચામડી | ૨૫ | - |
| (કાન-નાક-ગળા) | ૫૬૬ | ૦૩ | પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૬ | ૦૩ |
| માઈનર પ્રોસિઝર | ૨૯૪ | - | આંખના પડદા | ૦૫ | - |
| ઓર્થોસ્કોપી | ૨૩ | - | પ્લાસ્ટિક સર્જરી | ૫૭ | ૧૧ |
| ઓર્થો ડેન્ટલ | ૧૩૯ | ૧૪૬ (ટ્રિટમેન્ટ) | હેર ઈમ્પ્લાન્ટ | ૨૨ | ૦૬ |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૨૩** લાભાર્થીઓએ **રૂા. ૩,૪૬૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૧** દર્દીઓએ **રૂા. ૧૮૦/-** ની સહાય મેળવેલ છે.

## PNR હોસ્પિટલમાં ફ્રી રસીકરણ કેન્દ્ર

PNR હોસ્પિટલ, ભાવનગરમાં શરુ થયેલ રસીકરણ કેન્દ્રમાં બાળકોને બી.સી.જી. પોલિયો, ઓરી, હિપેટાઈટીસ બી, ત્રિગુણી બુસ્ટર, રોટા વાઈરસ જેવી વગેરે રસી નિઃશુલ્ક આપવામાં આવશે. રસી લેનાર દરેક બાળકને ૧ રમકડું ભેટ આપવામાં આવશે.

સમય દર રવિવારે સવારે ૧૦ થી ૧૨. સંપર્ક : ૦૨૭૮ - ૨૪૩૧૧૫૦



## સક્સેસ સ્ટોરી

**બાળકનું નામ :** કાકડિયા હર્ષ હરેશભાઈ,

**ઉંમર :** ૯ વર્ષ

**ટ્રેનિંગ લીધેલ સમય :** ૧ વર્ષ

**સમસ્યા :** સી.પી. ડિલે ડેવલપમેન્ટ



હર્ષ કાકડિયા

### સારવાર પહેલાં :

આ બાળક દિશા કમ વિકાસ પ્રોજેકટમાં છેલ્લાં એક વર્ષથી જોડાયેલ. જે ખૂબ જ ચંચળ તથા ભાષા વિકાસ પણ ઓછો હતો. બાળક એક જગ્યાએ બેસી એક જ પ્રવૃત્તિ લાંબા સમય સુધી કરવામાં અક્ષમ હતો. બાળક પ્રિ-રાઈટીંગ સ્કીલ, કોમન ઓબજેકટ્સ વિગેરે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં અક્ષમ હતો.



શિક્ષક બિનાબેન જાની

### સારવાર પછી :

એક વર્ષની તાલીમ બાદ બાળક બધી જ પ્રવૃત્તિ શાંતિપૂર્વક કરે છે. બાળક નોર્મલ સ્કૂલમાં ધો. ૩ માં અભ્યાસ કરે છે. બાળક સ્વતંત્ર રીતે લખી તથા વાંચી શકે છે. બાળક સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ભાગ લઈ શાળાનું ગૌરવ વધારે છે. આમ, એક વર્ષની તાલીમ બાદ બાળકમાં, શિક્ષણ તથા અન્ય ક્ષેત્રે ખૂબ જ સુધારો જોવા મળેલ છે.

# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા





વિભૂતિ વ્યાસ

## ત્રિરંગા પેંડા :

તા. ૧૫ ઓગસ્ટ ના રોજ ૭૫મા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત દાસ પેંડાવાળા તરફથી સી.પી. સ્કૂલમાં બાળકોને ત્રિરંગા પેંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જન્મ દિવસની ઉજવણી :



તા. ૩૦ ઓગસ્ટ ના નટરાજ સી.પી. સ્કૂલના કર્મનિષ્ઠ, સેવાભાવી, બાળકોના ચહિતા એવા શ્રી જીજ્ઞાબેન સોલંકીનો જન્મ દિવસ ઉજવવામાં આવેલ. જેમાં સમગ્ર સી.પી. સ્કૂલ ડિપાર્ટમેન્ટ દ્વારા બુકે, ચોકલેટ અને ગીફટ આર્ટિકલ આપી, દીર્ઘાયુષ્યની શુભકામના પાઠવેલ. તેમના તરફથી બાળકોને નાસ્તા વિતરણ કરવામાં આવેલ.

## ગણપતિ ઉત્સવ ઉજવણી :



તા. ૩૧ ઓગસ્ટ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલના ઓકયુપેશનલ અને ફિઝિયોથેરાપી વિભાગ દ્વારા વિઘ્નહર્તા શુભકર્તા પ્રથમ પૂજન દેવ ભગવાન શ્રી ગણેશની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ સ્થાપના કરવામાં આવેલ તથા ૭ દિવસ સુધી બાપાની પૂજા -અર્ચનાના મહાયજ્ઞ દરમ્યાન, ગણપતિના ચિત્રમાં રંગપૂર્ણિ સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ, આસ્થા, ભક્તિ અને વિશ્વાસના સમન્વય સાથે બાપાનું વિસર્જન ૬ સપ્ટે.`૨૨ ના રોજ કેમ્પસના બાગમાં કરવામાં આવેલ. 'ગણપતિ બાપા મોરયા અગલે બરસ તું જલ્દી આ'ના નાદ સાથે, સમગ્ર નટરાજ કેમ્પસ ગુંજી ઉઠયું હતું. વિશિષ્ટ વિદ્યાર્થીઓને ગણેશ ચતુર્થીનું મહત્વ પ્રત્યક્ષ અવલોકન દ્વારા શીખવવાના પ્રયાસમાં મહદ અંશે સફળતા મળી હતી.

## મહુવા રિસોર્સ સેન્ટર :




તા. ૩ સપ્ટે. ના રોજ જે.પી. સ્કૂલના નિવૃત્ત શિક્ષક શ્રી વી. વી. દોશી સાહેબ દ્વારા પોતાના ૮૦ મો જન્મદિવસ બહુવિધ દિવ્યાંગ બાળકો સાથે મનાવ્યો. સાથે પોષણયુકત નાસ્તાનું વિતરણ પણ કરેલ.


## ઓર્થોસિસ મેનેજમેન્ટ :



તા. ૩ સપ્ટે. ના રોજ સી.પી. સેન્ટર વિદ્યાનગર ખાતે "One Step Forward Corpus Fund" અંતર્ગત Post Pediatvic Oparative Treatment માટે **ઓર્થોસિસ મેનેજમેન્ટ**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૧૫ લાભાર્થીઓની તપાસ કરી, ૧૩ લાભાર્થીઓને ઓર્થોસિસ માટે પસંદ કરવામાં આવ્યાં તથા ૧૭ ઓપરેટિવ અને નોન ઓપરેટિવ લાભાર્થીઓને ઓર્થોસિસનું વિતરણ કરવામાં આવ્યું.

## શિક્ષક દિનની ઉજવણી :

તા. ૫ સપ્ટે. ના રોજ **શિક્ષક દિનની ઉજવણી** ઉત્સાહભેર કરવામાં



આવેલ. જે અંતર્ગત સી.પી. બાળકોએ એક દિવસ માટે, સ્વયં શિક્ષક બની, આચાર્ય તથા એટેન્ડેન્ટની ભૂમિકા બખુબી નિભાવેલ, સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ગણપતિ ઉત્સવ દરમ્યાન યોજાયેલ ફેન્સી ડ્રેસ તથા રંગપૂર્ણિમાં વિજેતા બાળકોને ઈનામથી પ્રોત્સાહિત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જયોતિબેન પરમારે કરેલ.

## દિવ્યાંગજનોને ચૂંટણી કાર્ડ જાગૃતિ અંગે વર્કશોપ :

તા. ૮ સપ્ટે. ના રોજ સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી પ્રદીપસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં ૧૮ વર્ષથી ઉપરના બાળકોને ચૂંટણી કાર્ડ કઢાવવા માટેની પ્રક્રિયા અંગે માહિતગાર કરવામાં આવેલ. આ વર્કશોપમાં ૫૦ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં સી.પી. સ્કૂલના ૦૭ વિદ્યાર્થીઓએ વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા સાથે આ સેમિનારમાં ઉપસ્થિત રહી, પ્રત્યક્ષ માહિતી પ્રાપ્ત કરી.

## વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે ઉજવણી :

તા. ૯ સપ્ટે. ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા **વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે**ની ઉજવણી કરવામાં આવી. જે અતંર્ગત ફિઝીયો ડિપાર્ટમેન્ટના ફિઝીયોથેરાપીસ્ટોએ જુદા-જુદા વિષય પર PPT દ્વારા વાલીઓ, શિક્ષકો માટે પ્રેઝેન્ટેશન કરેલ. આ વર્કશોપમાં કુલ ૫૦ પાર્ટિસીપેન્ટસએ ભાગ લીધો. આ ઓનલાઈન તથા ઓફલાઈન સેલિબ્રેશનમાં તજજ્ઞ તરીકે ડૉ. દિપક ગંજીવાલા સાહેબ આણંદ તથા ડૉ. કેલ્વિન પટેલ સાહેબ MPT, અમદાવાદ તથા સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહી સર્વે ફિઝીયોથેરાપિસ્ટ ટીમના સભ્યોને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું આયોજન, સંકલન અને સંચાલન શાળાના આચાર્યશ્રી દ્વારા કરાયેલ.

## એસેસમેન્ટ અને માર્ગદર્શન :

ઈન્ટેલેકચઅલ ડિસેબિલિટી (ID) તથા બહુવિધ વિકલાંગતા (MD) ધરાવતા વિદ્યાર્થીઓમાં ભાષા અને પ્રત્યાયનની અભિવ્યક્તિ મોડી તથા અલ્પ વિકસીત હોવાના કારણે પૂરતું સામાજીકરણ થવું પડકારજનક હોય છે. આવા બાળકોમાં લાંબા સમય સુધી સઘન સારવાર અને વિશિષ્ટ શિક્ષણના અભાવે વર્તણૂંક સમસ્યાઓ ઉદ્દભવે




છે. જે તેની બૌધિક ક્ષમતાઓના વિકાસમાં બાધારૂપ બને છે. નટરાજ સી.પી. સ્કૂલમાં મગજના લકવા સાથે મંદબુધ્ધિ અને વર્તન સમસ્યાની તકલીફને વહેલાસર ઓળખીને સારવાર આપવાના હેતુથી, સપ્ટેમ્બર માસથી ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓનું ક્રમશઃ BASIC MR સ્કેલ ( સૌજન્ય : બી.એમ. ઈન્ટિટયુટ, અમદાવાદ) એસેસમેન્ટ મદદનીશ શિક્ષક શ્રી વિભૂતિબેન વ્યાસ MA સાયકોલોજી, (DSE.CP), (B.Ed. ID) દ્વારા ધરવામાં આવ્યું છે. સપ્ટેમ્બર માસમાં ધો. ૧ ના ૫ બાળકોનું એસેસમેન્ટ પૂર્ણ કરી, તેના વાલીને બૌધિક વિકાસના ધ્યેયોનું માર્ગદર્શન આપવામાં આવેલ.

## વાલી મિટીંગ :

તા. ૧૪ સપ્ટે. ના રોજ નટરાજ સી.પી. સ્કૂલમાં કોન્ફરન્સ હોલ ખાતે વાલી મિટીંગનું આયોજન કરાયેલ. જેમાં આગામી કાર્યસૂચિ જેવી કે સ્ટ્રેસ મેનેજમેન્ટ સેમિનાર, નવરાત્રી ઉત્સવ, વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી ડેની ઉજવણી, ફિઝીયો-ઓકયુ. કેમ્પ વગેરે વિશે વિસ્તારથી માહિતી આપેલ. ડૉ. નીરજાબેન ભટ્ટ દ્વારા બાળકોને સ્પ્લિન્ટના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન આપેલ. અને ડૉ. અંબર ગુપ્તા દ્વારા ભાષા વિકાસ અને વાણી વિકાસને લગતી સમસ્યાઓ વિશે વાલીઓને માહિતી આપેલ અને મોઢાના અવયવોની કસરતનું પેમ્પલેટ વિતરણ કરવામાં આવેલ. વાલી મિટીંગ ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી કરવામાં આવેલ, જેથી દરેક વાલી સરળતાથી જોડાઈ શકે. કુલ ૩૦ વાલીઓએ માર્ગદર્શનનો લાભ લીધો હતો.


## શ્રધ્ધા સુમન :

તા. ૧૨ ઓગસ્ટ ના રોજ ધો. ૩ ના વિદ્યાર્થી ભીડી શુભમ રમેશભાઈનું અવસાન થયેલ. તેની પ્રાર્થના સભા તા. ૨૬ ઓગસ્ટ '૨૨ ના રોજ કરવામાં આવી હતી. તેના વાલીશ્રી દ્વારા વિદ્યાર્થીઓને નાસ્તો અને લંચ બોકસ આપવામાં આવેલ.






# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ઘંઘુકિયા

### પ્રવાસ ૧ :

સ્કૂલમાં તા. ૮ઓગસ્ટના રોજ શાળામાંથી **પ્રવાસ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દડવા, ગઢડા, ઘેલા સોમનાથ, ગઢડા, કુંડળની મુલાકાત લેવામાં આવેલ. આ પ્રવાસમાં ધો. ૧ અને ૨ તથા બાલમંદિરના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ. શાળાએથી સવારે ૭:૦૫ કલાકે બસ દ્વારા પ્રસ્થાન કરવામાં આવેલ. દડવા દર્શન કર્યા પછી, બધા બાળકોને નાસ્તો કરાવ્યો. ત્યારબાદ ઘેલા સોમનાથ દાદાના દર્શન કરાવ્યા અને સ્વામીનારાયણ ગઢડા પહોંચ્યાં. ૧:૩૦ કલાકે ભોજન લીધા પછી, સાળંગપુર જવા નીકળ્યા. સાળંગપુર પહોંચીને કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના દર્શન કર્યા, ત્યાંથી સૌ કુંડળ ગયા. ત્યાં ભગવાન સ્વામિનારાયણના દર્શન કર્યા, તેમજ બાળકોને સભામાં બેસાડી સ્વામિનારાયણની ધૂન બોલાવી. દિવસ દરમિયાનની સ્મૃતિઓને વાગોળતા બધા સાંજે ૭:૧૫ કલાકે શાળાએ પરત આવેલ. આ સમગ્ર પ્રવાસનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા, પ્રવાસ મંત્રી શ્રી મિલનભાઈ પંડયા, શ્રી દક્ષાબેન પંડયા તેમજ અન્ય શિક્ષકોએ ભેગા મળીને કરેલ.




### પ્રવાસ ૨ :

સ્કૂલમાં તા. ૧૨ ઓગસ્ટે ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે **પ્રવાસ**નું આયોજન કરવામાં આવેલ. આ પ્રવાસ સોમનાથ મહાદેવ, ભાલકાતીર્થ, ત્રિવેણી સંગમ, વીરપુર જેવા સ્થળોની મુલાકાત લેવામાં આવેલ. બાળકોને સોમનાથ મહાદેવના દર્શન તથા ત્રિવેણી સંગમ ઘાટ બાદ ભાલકાતીર્થ ગયા. કૃષ્ણ ભગવાનના દર્શન કરી, બધા જ વિરપુર જવા નિકળ્યા. વિરપુર પહોંચી જલારામબાપાના દર્શન કર્યા પછી સૌ પરત જવા નીકળ્યાં. રાતના ૧૨:૩૦ કલાકે બસ શાળાએ પહોંચી અને વિદ્યાર્થીઓને વાલીને સોંપવામાં આવેલ. આ પ્રવાસ વિદ્યાર્થીઓએ આનંદ, ઉત્સાહથી માણેલ. આ સમગ્ર પ્રવાસનું સફળ આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા પ્રવાસ મંત્રી શ્રી મિલનભાઈ પંડયા, શ્રી ઝાલાભાઈ દ્વારા કરવામાં આવેલ.

### યુવા મતદાન જાગૃતિ :




સ્કૂલમાં તા. ૨૨ ઓગસ્ટના રોજ **યુવા મતદાન જાગૃતિ** અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોને મતદાનના મહત્વ વિશે વિડીયો બતાવી માહિતગાર કર્યા અને તેને અનુરૂપ પ્રતિજ્ઞા લેવડાવી. તેમજ નારા સાથે બાળકોને મતદાન વિશેની માહિતી આપેલ. મત આપવો જરૂરી છે તેથી બાળકો અત્યારથી જાગૃત થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ કાર્યક્રમ માટે ઝાલા યશવંતસિંહ અને વકાણી શુભમભાઈએ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રીએ કરેલ.

### વિશ્વ ગુજરાતી ભાષા દિવસ :

સ્કૂલમાં તા. ૨૪ ઓગસ્ટના રોજ **વિશ્વ ગુજરાતી ભાષા દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ શ્રુતલેખન કરેલ. ગુજરાતી ભાષાનું મહત્વ શ્રી દક્ષાબેન પંડયાએ સમજાવેલ. આ શ્રુતલેખનમાં પ્રથમ નંબર ધો. ૧૨ માં અભ્યાસ કરતી રાઠોડ કિરણ, દ્વિતીય નંબર ધો. ૧ માં અભ્યાસ કરતી મકવાણા સુહાની, તૃતિય નંબર ધો. ૧૨ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી બારડ સિધ્ધાર્થે મેળવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ.

### ટ્રાફિક નિયમો અંતર્ગત કાર્યક્રમ :

સ્કૂલમાં ટ્રાફિક નિયમો અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં RTO માંથી પધારેલ ઈન્સ્પેક્ટર શ્રી ભદ્રેશભાઈ પટેલ તથા સ્ટાફ મિત્રો શ્રી અમિતભાઈ જાદવ, વિશ્વરાજ ગોહિલ દ્વારા ધો. ૮ થી ૧૨ ના બાળકોને ટ્રાફિક નિયમોથી અવગત કરેલ. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ચેતવણીના ચિન્હો, દિશા સૂચક, નિશાનીઓ, આદેશાત્મક



ચિન્હો, માહિતી દર્શક ચિન્હોની માહિતી આપવામાં આવેલ. તેમજ આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાએ ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે તેવી પ્રતિજ્ઞા લેવડાવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી યશવંતસિંહ ઝાલા, શ્રી શુભમભાઈ, શ્રી સાગરભાઈ, શ્રી મિલનભાઈ, શ્રી પૂજાબેન કરવામાં દ્વારા કરવામાં આવેલ.

### આંખ - કાનની તપાસ કેમ્પ :



સ્કૂલમાં તા. ૨ સપ્ટે. ના રોજ ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે **આંખ-કાનની તપાસ કેમ્પ** આયોજન કરવામાં આવેલ. ડૉ. અંબર ગુપ્તા દ્વારા વિદ્યાર્થીઓના કાનમાં મશીન રાખી કાનની તપાસ કરવામાં આવેલ તથા એક આલ્ફાબેટવાળું પેજ લઈ વિદ્યાર્થીઓનો ૧૦ ફૂટના અંતરે ઉભા રાખી દિશા સૂચન કરવાનું કહે જેના દ્વારા જાણી શકાય કે કેટલા વિદ્યાર્થીઓને જોવામાં તકલીફ પડે છે અને ત્યારબાદ એ વિદ્યાર્થીઓની આંખની તપાસ કરાયેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્કૂલના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવેલ.

### ગેસ્ટ વિઝીટ :

સ્કૂલમાં તા. ૨ સપ્ટે. ના રોજ મહેમાન શ્રી વૈભવભાઈ પંડિત અને તેની ટીમ **સ્કૂલની વિઝીટ** માટે પધારેલ તેમણે બ્લાઈન્ડનેસ - ડેફનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ તથા સ્માર્ટ કલાસની વિઝીટ કરેલ તથા ઈન્કલુઝિવ શિક્ષણ વિશે માહિતી મેળવેલ. શિક્ષક શ્રી યશવંતસિંહ ઝાલા દ્વારા મહેમાનશ્રીને સ્માર્ટ બોર્ડ વિશે સમજાવેલ કે સ્માર્ટ બોર્ડના વિવિધ ટૂલ્સ દ્વારા નોર્મલ બાળકો સાથે ડિસેબલ્ડ બાળકો પણ સરળતાથી સમજી અભ્યાસ કરી શકે છે.

### મતદાન જાગૃતિ કાર્યક્રમ :

સ્કૂલમાં તા. ૩ સપ્ટે. ના રોજ **મતદાન જાગૃતિ** અંતર્ગત ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને મતદાન વિશે જાગૃત કરવા માટે રેલીનું આયોજન કરેલ. વિદ્યાર્થીઓએ રેલીમાં મતદાન વિશે નારા લગાવી અને લોકોને મતદાન માટે જાગૃત કર્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને મતદાન અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

### શિક્ષક દિનની ઉજવણી :

સ્કૂલમાં તા. ૫ સપ્ટે. ના રોજ **શિક્ષક દિન**ની ઉજવણી કરવામાં આવેલ. ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણાની યાદમાં પાંચમી સપ્ટેમ્બરના રોજ **શિક્ષક દિન** ઉજવવામાં આવે છે. ધો. ૭ થી ૧૨ ના વિદ્યાર્થીઓ શિક્ષકની ભૂમિકા, આચાર્ય અને પટ્ટાવાળા અને ધોરણ પ્રમાણે દરેક વિદ્યાર્થીઓએ પોતાના તાસ પણ આપેલ અને શિક્ષક તરીકે કેવી રીતે કાર્ય કરવું તેનો અનુભવ મેળવેલ. ત્યારબાદ તમામ તાસ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ જેમણે શિક્ષકો તરીકે પોતે મેળવેલ અનુભવ અને વિચાર રજૂ કર્યા. કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી તથા શિક્ષક ભાઈઓ દ્વારા કરવામાં આવેલ.



## પી.એન.આર. સોસાયટી સંચાલિત
## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ

✍ કિરણ રાજયગુરુ



### Extrnal થીયરી એકઝામ :



તા. ૧૬ થી ૨૩ ઓગસ્ટ`૨૨ દરમિયાન દ્વિતીય વર્ષની સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪ની એક્ષટર્નલ થીયરી પરીક્ષા સારથી વિદ્યા સંકુલમાં શાંતિમય વાતાવરણમાં યોજાઈ હતી. જેમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પરીક્ષાલક્ષી ગાઈડ-લાઈન અનુસાર શાંતિપૂર્ણ રીતે પરીક્ષા પૂર્ણ કરેલ. આ એક્ષટર્નલ થીયરી પરીક્ષામાં CLO તરીકે CRC અમદાવાદથી શ્રી રાજેન્દ્રકુમાર ચેચાણી આવેલ.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



## કોમ્પ્યુટર ટ્રેનિંગ અવેરનેસ કેમ્પ

જે વિકલાંગોને અવરજવર કરવામાં મુશકેલીઓ પડતી હોય અને તેઓ પોતાના ઘરે બેઠા જ વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ મેળવી શકે તેવા હેતુથી, પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ વિભાગ દ્વારા ઓનલાઈન તાલીમ આપવાનું કાર્ય ૨૦૨૦ થી થઈ રહયું છે. આ પ્રવૃત્તિના ભાગરુપે ભાવનગર જિલ્લાના તમામ તાલુકા લેવલે કેમ્પ કરી, વિકલાંગોને આ તાલીમ વિષે માહિતગાર કરવામાં આવે છે. સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં કોમ્પ્યુટર તાલીમ ઉપલબ્ધ હોતી નથી અને વિકલાંગોને આ તાલીમના સ્થળો, કોર્સની વિગતો, કોર્સનો સમયગાળો વિગેરે વિષે માહિતી પણ હોતી નથી. આથી જે તાલુકાના વિકલાંગો માટે કેમ્પ યોજવામાં આવે તે તાલુકાના વિકલાંગોનો ડેટા એકત્રિત કરી તેમને ટેલીફોનિક જાણ કરી, કેમ્પ વિષે માહિતી આપી કેમ્પમાં આવવા જણાવવામાં આવે છે. તા. ૬ ઓગસ્ટ ના રોજ ગારિયાધાર ખાતે અવેરનેસ કેમ્પ યોજાઈ ગયો. આ કેમ્પમાં ૧૬૦ લાભાર્થીઓ ઉપસ્થિત રહયાં હતાં. આ લાભાર્થીઓને પી.એન.આર.સોસાયટી વિષે, તેમજ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ વિભાગમાં અપાતી વિનામૂલ્યે ઓફલાઈન તેમજ ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ, કોમ્પ્યુટર તાલીમ દરમ્યાન અપાતી સુવિધાઓ, તાલીમના ફાયદાઓ, તાલીમ બાદ નોકરી - વ્યવસાયની તકો વિષે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. કેમ્પના સમગ્ર સંચાલનની કામગીરી મેહુલભાઈ બુધેલિયાએ કરેલ. કેમ્પ દરમ્યાન સ્થાનિક શુભેચ્છક શ્રી ગોસ્વામી પરેશગીરી, બોરીચા હિતેષભાઈ, વાળા હિંમતભાઈ, રોહનભાઈનો સહયોગ પ્રાપ્ત થયેલ.



## ગારિયાધાર તાલુકાના વિકલાંગો પોતાના ઘેરબેઠા મેળવશે વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ

ગારિયાધાર ખાતે યોજાયેલ અવેરનેસ કેમ્પમાં ઉપસ્થિત રહેલ લાભાર્થીઓ પૈકી ૧૫ લાભાર્થીઓને વિનામૂલ્યે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ માટે પસંદ કરવામાં આવેલ. જેમાં ૧૧ ભાઈઓ અને ૪ બહેનો છે. તમામ તાલીમાર્થીઓ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવે છે. આ તાલીમાર્થીઓને કોમ્પ્યુટર ફંડામેન્ટલ (બેઝીક) કોર્સમાં એડમિશન આપવામાં આવ્યું છે. તા. ૨૯ ઓગસ્ટ `૨૨ના રોજ તમામ તાલીમાર્થીઓને ભાવનગર સેન્ટર પર બોલાવી, તેમના એડમિશન ફોર્મ ભરવામાં આવ્યાં, તેમજ તાલીમના સમયગાળા સુધી લેપટોપ, ઈન્ટરનેટ માટે રીચાર્જ કરેલ ડોંગલ, સી.ડી. પુસ્તક, ઈયરફોન વિગેરે વિભાગના કર્મચારીઓના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યાં. તમામ તાલીમાર્થીઓને કોમ્પ્યુટર તાલીમ વિષે એક દિવસીય તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં ઈન્ટરનેટ કઈ રીતે જોડવું, ઝુમ એપ્લિકેશન મારફત ઓનલાઈન તાલીમમાં કઈ રીતે કલાસમાં જોડાવું, વિગેરે પ્રાથમિક બાબતોની જાણકારી આપવામાં આવી. ઉપરાંત વિભાગની અન્ય પ્રવૃત્તિ, કોમ્પિટિટીવ એકઝામમાં ઉપયોગી પુસ્તકો અને લાઈબ્રેરીની જાણકારી આપી, આ પુસ્તકોનો વિનામૂલ્યે ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો.

હાલમાં આ તાલીમાર્થીઓ તાલીમ મેળવી રહયા છે. આ કોર્સમાં તેમને વર્ડ, એકસેલ, પાવરપોઈન્ટ, ઈન્ટરનેટ વગેરે એપ્લિકેશન શીખવવામાં આવશે.





# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### સેતુબંધ મિત્ર મંડળ




તા. ૩ સપ્ટે. ના રોજ **સેતુબંધ મિત્ર મંડળ** મેઘાણી સર્કલ, આયોજિત ગણેશ ઉત્સવ નિમિત્તે, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, સી.પી. સ્કૂલ તથા ઓટિઝમ પ્રોજેક્ટના બાળકોએ ટૂંકા સમયગાળાની અંદર સરસ કૃતિ તૈયાર કરીને રજૂ કરેલ. આ કૃતિ તૈયાર કરવામાં શ્રી બીનાબેન જાની, શ્રી રીનાબેન વસોયા અને શ્રી ગાયત્રીબા ઝાલાએ ભારે જહેમત ઉઠાવેલ. આ કૃતિથી સૌ ભાવવિભોર થયાં હતાં. તથા દરેક બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ.

### શિક્ષક દિવસની ઉજવણી

તા. ૫ સપ્ટે.'૨૨ ના રોજ **શિક્ષક દિવસની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં તક્ષરાજ, ઉર્વશી, પંથી અને કૃપાલીએ ભાગ લીધેલ. આ બાળકોએ સ્માર્ટ બોર્ડમાં બાળગીત, ફળ, શાકભાજીની ઓળખ, કક્કો તથા મુળાક્ષરની ઓળખ કરાવેલ.

### સી.પી. સ્કૂલ ગણેશ ઉત્સવ



સી.પી. સ્કૂલમાં ગણેશ ઉત્સવ નિમિત્તે ૭ દિવસ માટે ગણપતિની સ્થાપના કરવામાં આવેલ. જેમાં તા. ૫ સપ્ટે. ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ તરફથી આરતી તથા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રોજેક્ટના શિક્ષકો, વાલીઓ તથા બાળકોના સહયોગથી હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

વિપુલ જેઠવા



**૧.** માહે જૂલાઈમાં સ્થાનિક કક્ષાએ કુલ ૨૯૬ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૪૧૯ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૪, ની-બ્રેસ-૩૧૫, હેન્ડ સ્પ્લીન્ટ-૭, નાઈટ સ્પ્લીન્ટ-૦૦, સ્પાઈનલ ઓર્થોસિસ-૧૩, કેલીપર-૧૦, એ.એફ.ઓ.-૭, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૩ તથા ક્રચીઝ-૦૦, ઓર્થોશુઝ-૫ જોડી તથા ૪૪ જુદા-જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પુરા પાડવામાં આવેલ. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફક્ત ટોકન દરથી પૂરું પાડવામાં આવેલ.

**૨.** જૂલાઈ માસમાં સંસ્થામાં, ગત તા. ૧૬ થી ૨૦ ઓગસ્ટ, રોટરી કલબ ઓફ બિલાસપુર (છત્તીસગઢ) મુકામે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ યોજવામાં આવેલ, જેમાં આખા પગ-૫૪, અડધા પગ-૮૦ બનાવવામાં આવેલ. જેમાં કુલ ૧૩૦ લાભાર્થીઓને કુલ ૧૩૪ સાધનો પૂરાં પાડવામાં આવેલ.

**૩.** સંસ્થાના સિનિયર ઓર્થો પ્રોસ્ટેટિક એન્જીનિયર ડૉ. વિજય નાયક દ્વારા માહે ઓગસ્ટમાં બેંગ્લોર, શિમોગા, શીરસી, બીરભોમ તથા કારોલી મુકામે કેમ્પ યોજાયેલ. જેમાં ૧૧૩૩ જેટલી ની-બ્રેસ બનાવવામાં આવેલ. ઉપરાંત ડૉ. વિપુલભાઈ જેઠવાએ અમદાવાદ ની-બ્રેસનો કેમ્પ કરેલ. જેમાં ૧૫૫ ની-બ્રેસ બનાવેલ.




# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)




ફાલ્ગુની ખાટસુરિયા

## અર્હમ ગ્રુપ દ્વારા શ્રવણયંત્ર વિતરણ :



જૈન ધર્મના સંતશ્રી નમ્રમુનિ મહારાજના જન્મ દિવસ નિમિત્તે સામાજિક કાર્ય કરવાનો હેતુ ધરાવતા અર્હમ ગ્રુપના ભાઈઓ-બહેનોએ તા. ૧૩ સપ્ટે.`૨૨ ના રોજ શાળાના ૧૦ નાના બાળકો કે જેઓ શાળામાં નવા દાખલ થયા છે તેમને કાનમાં સાંભળવા માટેના શ્રવણયંત્રો આપ્યા. દર વર્ષે નમ્રમુનિ મહારાજના જન્મ દિવસના મહિનામાં આ ગ્રુપ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. જરૂરિયાતવાળા લોકોને તેમને જોઈતી સગવડતા પૂરી પાડવાની પ્રવૃત્તિ અર્હમ ગ્રુપ દ્વારા ખૂબ સારી રીતે થાય છે.

## જન્મ દિવસ ભેટ :



શાળા-ટ્રસ્ટમાં દર વર્ષે નર્સરીથી ધો. ૮ સુધીમાં અભ્યાસ કરતા બાળકોને **જન્મ દિવસ** નિમિત્તે વસ્તુ ભેટ આપવામાં આવે છે. આ દિવસ દરેક બાળકો માટે ખૂબજ વિશિષ્ટ મહત્વ ધરાવતો હોય છે. દર વર્ષે દાતાશ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી જન્મ દિવસના આશીર્વાદના ભાગરૂપે ભેટ આપવામાં આવે છે. બાળકો ભેટ મેળવીને ખૂબ ખુશ થાય છે. તેમજ સંસ્થા દ્વારા દાતાશ્રીનો આભાર માનવામાં આવેલ.

## શિક્ષકદિનની ઉજવણી :



તા. ૫ સપ્ટે.`૨૨ ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. તે અંતર્ગત બાળવર્ગથી ધો. ૭ સુધીના વર્ગમાં ધો. ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવેલ. જેમાં પ્રાર્થના પ્રવૃત્તિથી શરૂ કરી છેલ્લે સમાપન સુધીનું દરેક કાર્ય વિદ્યાર્થીઓએ ઉત્સાહથી પૂર્ણ કરેલ. આ પ્રોજેકટ અંતર્ગત પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ઈલાબેન, પ્રોજેકટ મંત્રી શ્રી ચંદ્રિકાબેન પરમાર તથા અન્ય સર્વ શિક્ષકોએ પૂર્ણ સહકાર આપેલ. આ દિવસે શાળાના તમામ વર્ગોમાં મુલાકાત લેતા જોવા મળેલ કે સર્વે વિદ્યાર્થીઓ શિસ્તબધ્ધ અને શાંતિપૂર્ણ રીતે નવા આવેલ શિક્ષકને સહકાર આપતા હતાં. ઉજવણીના અંતમાં પ્રાર્થના રૂમમાં આ કાર્યક્રમ જેની યાદમાં ઉજવવામાં આવે છે તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે PPT તેમજ ચાર્ટ દ્વારા સમજ આપવામાં આવેલ. તેમજ ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને બોલપેન અને પાઉચની નાનકડી ભેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. અંતમાં સમગ્ર પ્રોજેકટને સારી રીતે પૂર્ણ કરવા બદલ પ્રોજેકટ મંત્રીશ્રીએ સર્વે સ્ટાફનો આભાર માનેલ.



શિક્ષકદિનની ઉજવણી



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા
# શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



### "તિરંગા યાત્રા" :



તા. ૧૪ ઓગસ્ટ ના રોજ ભાવનગર જિલ્લા વહિવટીતંત્ર દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત **"તિરંગા રેલી"** માં જોડાયેલ. ભાવનગરની અન્ય શાળાઓ સાથે આ શ્રવણમંદ બાળકો યાત્રામાં ઉત્સાહપૂર્વક જોડાયેલ. એ.વી. સ્કૂલના મેદાનથી યાત્રા પ્રસ્થાન કરવામાં આવી, તેમજ બજારમાં ચાલીને ત્યાં જ સમાપન થયું. સહુએ ગૌરવપૂર્વક તિરંગા સાથે યાત્રમાં ભાગ લીધો. શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ, આચાર્ય શ્રી શૈલેષભાઈ તથા શિક્ષકો પણ આ યાત્રામાં જોડાયેલ.

### "શિક્ષકદિનની ઉજવણી" :



શાળામાં દર વર્ષની જેમ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસના અવસરે તા. ૫ સપ્ટે. `૨૨ ના રોજ શિક્ષકદિનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના કુલ ૨૩ વિદ્યાર્થીઓ અને ૧૪ વિદ્યાર્થીનીઓને જુદા-જુદા વિષય પર શિક્ષક તરીકે કામગીરી કરી. સાથે પ્રિન્સિપાલ, કમ્પ્યુટર શિક્ષક, રમત શિક્ષક, ગૃહમાતા, પટ્ટાવાળા, કલાર્કની કામગીરી દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કરી. શિક્ષક તરીકેની કર્તવ્યનિષ્ઠા, શિસ્તનો તાદૃશ અનુભવ નિહાળ્યો. પ્રાર્થના સહુએ સાથે મળીને સુંદર રીતે કર્યા બાદ, તાસ અને વિષય પ્રમાણે સુંદર બોર્ડ વર્ક, ચાર્ટ દ્વારા સહુએ નિષ્ઠાપૂર્વક શૈક્ષણિક કાર્ય કરાવ્યું. બીજા દિવસે શિક્ષક બનનાર વિદ્યાર્થીઓએ પોતાના અનુભવ જણાવ્યા અને દરેકનું સર્ટિફીકેટ તેમજ બોલપેન આપી સન્માન કરવામાં આવ્યું. શાળાના ચેરમેન શ્રી અમિતભાઈ શાહે દરેક વિદ્યાર્થી-શિક્ષકોનું શૈક્ષણિક કાર્ય નિહાળેલ. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ બધાં વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી ભક્તિબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું.

### "પ્રવાસ" :



શાળામાં તા. ૨૬ ઓગસ્ટ ના રોજ એક દિવસીય **પ્રવાસ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૩૮ શ્રવણમંદ વિદ્યાર્થીઓ અને ૧૫ શિક્ષકો બોરતળાવ, વિકટોરીયા પાર્ક, તેમજ અક્ષરવાડી સ્વામીનારાયણ મંદિર પગપાળા પ્રવાસમાં ગયેલ. બોરતળાવમાં શ્રાવણ માસમાં શિવ મંદિરમાં દર્શન કરવાનો લ્હાવો લીધો. તળાવનું પાણી, પંખી, માછલી વગેરે જોવાની મજા માણી. ત્યારબાદ વિકટોરીયા પાર્કમાં લીલીછમ વનરાજીઓ વચ્ચેથી ચાલીને પ્રકૃતિનો આનંદ માણ્યો. ત્યાંથી અક્ષરવાડી સ્વામીનનારાયણ મંદિરે પહોંચ્યા. દર્શન કર્યા. પ.પૂ. સ્વામીશ્રીએ ભક્ત પ્રહલાદની વાર્તા લયબધ્ધ રીતે કહી, તેમજ વિદ્યાર્થીઓને સારા સંસ્કાર વિશે સમજ આપી. સાઈન લેંગ્વેજ દ્વારા શ્રી ભરતભાઈએ ઈન્ટરપ્રીટ કરી. અક્ષરવાડીમાં સૌએ સરસ, સાત્વિક ભોજન લીધું અને પગપાળા સ્કૂલે પહોંચ્યા. સમગ્ર પ્રવાસ શ્રી શૈલેષભાઈ અને સહુના સાથ સહકારથી સફળ બન્યો.

### "મતદાન જાગૃતિ કેમ્પ" (દિવ્યાંગો માટે) :



શાળામાં તા. ૮ ઓગસ્ટના રોજ **મતદાન જાગૃતિ કેમ્પ** અંતર્ગત

મતદાર યાદી સુધારણા, તેમજ ૧૮ વર્ષ પૂર્ણ કરેલ દિવ્યાંગો માટે ચૂંટણી કાર્ડ બનાવવા અંગેનો એક કાર્યક્રમ શાળાના મહાવીર ઓડિટોરીયમ ખાતે યોજાયેલ. જેમાં સમાજ સુરક્ષા અધિકારી શ્રી જાંબુચા સાહેબ, નાયબ મામલતદાર શ્રી ચૌહાણ સાહેબ, માધ્યમિક શાળાના આચાર્ય તથા સંસ્થાના O.S. ઉપસ્થિત રહેલ. દિવ્યાંગ મતદાન જાગૃતિ માટેના આ કાર્યક્રમમાં ભાવનગરની વિવિધ દિવ્યાંગોની શાળા શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા તથા સી.પી. સ્કૂલના આશરે ૧૫ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ નવું ચૂંટણી કાર્ડ બનાવવા માટે અરજી કરેલ છે. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી હિતેશભાઈ રૂપારેલિયા, શ્રી કાજલબેન પંડયા તથા શ્રી પાયલબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું.

### Td વેક્સિનેશન કેમ્પ :

ભાવનગર આરોગ્ય વિભાગ અને આર.બી.એસ.કે. વિભાગ દ્વારા શાળામાં ધનુર અને ડિપ્થેરીયાને નિયંત્રિત કરવા માટે Td વેક્સિનેશન આપવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં સરકારશ્રીના પરિપત્ર મુજબ શાળાના ૧૫ અને ૧૬ વર્ષની ઉંમર



ધરાવતા વિદ્યાર્થીઓને વેક્સિન આપવામાં આવેલ. આ કાર્યક્રમનું આયોજન માધ્યમિક શાળાના આચાર્ય તથા આર.બી.એસ.કે. ના કો-ઓર્ડિનેટર શ્રી શક્તિસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને વેક્સિન અપાવવાની કામગીરી શ્રી ધ્રુવિબહેન ચાવડા દ્વારા કરવામાં આવેલ.



# શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય

✍ સ્નેહાબેન જોષી



### ભોળાનાથના દર્શન :

શ્રાવણ મહિનાના બધાજ સોમવારે છાત્રાલયના બધા જ દીકરા-દીકરીઓએ ભોળાનાથનું ધ્યાન ધરેલ. તેમજ ભોળાનાથના મંદિરે લઈ ગયેલ. દર્શન કરી બધા જ બાળકોએ આનંદ વ્યકત કરેલ.

### રક્ષાબંધન પર્વની ઉજવણી :

તા. ૧૧ ઓગસ્ટના રોજ, રક્ષાબંધન નિમિત્તે બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના ભાઈઓ-બહેનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બધા જ બાળકોને રાખડી બાંધી, ચોકલેટની ગીફટ આપી ખૂબ આનંદ કરાવેલ. તેમજ છાત્રાલયની બધીજ દીકરીઓએ છાત્રાલયના બધા જ દીકરાઓને રાખડી બાંધી, ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે **રક્ષાબંધન પર્વની ઉજવણી** કરેલ, તેમજ બાળકોને પ્રિય તેવું ભોજન પણ જમાડેલ.

### ભોજન :

તા. ૨૫ ઓગસ્ટના રોજ દાતાશ્રી સ્વ. શ્રી વિનુભાઈ મોદીના સ્મરણાર્થે બધા જ બાળકોને મનગમતુ મન્ચુરિયન, નુડલ્સ, ઢોંસા, ભોજન કરાવેલ. શ્રી અશ્વિનભાઈ પંડયા છાત્રાલયમાં હાજર રહી, બધા જ બાળકોના ચહેરાની ખુશી જોઈ, ખૂબ જ આનંદિત થયેલ.

### ગણપતિ ઉત્સવ :

તા. ૩૧ ઓગસ્ટના રોજ છાત્રાલયના મુખ્ય દ્વાર પર બિરાજમાન શ્રી ગણેશજીની મૂર્તિને છાત્રાલયની દીકરીઓએ તિલક કરી. ચોખા લગાડી, ફુલહાર ચડાવી, ૧૦૮ લાડુનો પ્રસાદ ધરી, ગણેશચતુર્થીના દિવસે બધા જ દીકરા-દીકરીઓએ શ્રી ગણેશજીના દર્શન કરી, આનંદ સાથે **ગણપતિ ઉત્સવ** ઉજવેલ.

### ભોજન :

તા. ૧૦ સપ્ટે. ના રોજ સ્વ. શ્રી વિનોદભાઈ કે. પંડયા તથા સ્વ. શ્રી પ્રેમિલાબેન વી. પંડયાના શ્રાધ્ધ નિમિતે શ્રી અનિલભાઈ વી. પંડયા તથા શ્રી રાજેશભાઈ વી. પંડયાએ છાત્રાલયના બધા જ બાળકોને ભોજન કરાવેલ.









# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



### ભોળાનાથના દર્શન :

છાત્રાલયના બાળકોએ શ્રાવણ માસમાં સોમવારે ઉપવાસ કરેલ અને દરેક સોમવારે બાળકો મંદિરે આનંદ કરેલ.

### રક્ષાબંધન પર્વની ઉજવણી :

તા. ૧૧ ઓગસ્ટના રોજ, રક્ષાબંધનના પર્વની ઉજવણી કરેલ. તેમજ છાત્રાલયની બહેનોએ છાત્રાલયના ભાઈઓને રાખડી બાંધેલ અને ભાઈઓએ નાની મોટી ગીફ્ટ આપી, ભાઈ બહેનનો પ્રેમ વ્યકત કરેલ. તેમજ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયમાંથી બહેનો આવી અને પરમાત્મા વિશે બાળકોને જ્ઞાન આપેલ. તેઓએ બધાજ બાળકોની આર્શીવાદ રૂપે રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરેલ.

### ગણપતિ ઉત્સવ :

તા. ૩૧ ઓગસ્ટના રોજ ગણેશચતુર્થી પર્વની ઉજવણી છાત્રાલયમાં ગણપતિજીની સ્થાપના કરી પૂજા કરેલ અને લાડુનો પ્રસાદ ધરાવી ઉજવણી કરેલ. તેમજ અંધશાળામાં ગણપતિ ઉત્સવમાં પણ બાળકોએ આરતીનો લાભ લીધેલ.

### ભોજન :

તા. ૨૫ ઓગસ્ટના રોજ દાતાશ્રી સ્વ. શ્રી વિનુભાઈ મોદીના સ્મરણાર્થે બધા જ બાળકોને મનપસંદ તેવુ ચાઈનીઝ ભોજન કરાવેલ. બાળકોએ તેમના આત્માને શાંતિ મળે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરેલ. શ્રી અશ્વિનભાઈ પંડયા છાત્રાલયમાં હાજર રહી, બધા જ બાળકોના ચહેરાની ખુશી જોઈ, ખૂબ જ આનંદિત થયેલ.

### ભોજન :

તા. ૧૦ સપ્ટે. ના રોજ સ્વ. શ્રી વિનોદભાઈ કે. પંડયા તથા સ્વ. શ્રી પ્રેમિલાબેન વી. પંડયાના શ્રાધ્ધ નિમિતે શ્રી અનિલભાઈ વી. પંડયા તથા શ્રી રાજેશભાઈ વી. પંડયાએ છાત્રાલયના બધા જ બાળકોને ભોજન કરાવેલ.



# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

✍ નેહલ ગઢવી



### ચાલો આપણાં બાળકોને ઓળખીએ. :

દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં નવા પ્રવેશ પામેલા બાળકોના વાલીઓ માટે તા. ૨૩ ઓગસ્ટ થી ૧ સપ્ટે. -'૨૨ દરમ્યાન **ચાલો આપણા બાળકોને ઓળખીએ** શીર્ષક હેઠળ માતાઓની તાલીમનું આયોજન કરવામાં આવેલ. મંદબુધ્ધિ તેમજ તેમને લગતા વિવિધ પાસાઓ વિશે શાળાના શિક્ષકો દ્વારા વાલીઓને જ્ઞાનસભર અતિ ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવેલ, જે બાળકના વિકાસમાં અતિ આવશ્યક છે. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન શ્રી પારૂલબેન પાઠક તથા સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ.

### યુનિફોર્મ વિતરણ :

શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને શ્રીમતી માલતીબેન દલાલ અને શ્રી શ્યામલાલ ઠાકોર હેન્ડીકેપ્ડ વેલ્ફેર કોપર્સફંડ માંથી ૧ જોડી તથા શાળા તરફથી ૧ જોડી એમ કુલ ૨ જોડી યુનિફોર્મ આપવામાં આવેલ. યુનિફોર્મ વિતરણનું કાર્ય શ્રી પારસભાઈ પરમારે સુંદર રીતે પૂર્ણ કરેલ.

### ભોજન સમારંભ :

શાળાના ગવર્ન્મેન્ટ સ્ટાફનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર થતા, ગવર્ન્મેન્ટ સ્ટાફ તરફથી શાળાના બાળકો, સ્ટાફ તથા ટ્રસ્ટીશ્રીઓને હરખ જમણ કરાવવામાં આવેલ.



## ‘અંકુર’ શાળા - ટિચર્સ ટ્રેનિંગ કોલેજ

### શિક્ષક દિવસની ઉજવણી :

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બર **શિક્ષક દિવસ** તરીકે ઉજવવામાં આવે છે, જે અંતર્ગત ‘અંકુર’ શાળા સંચાલિત ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓએ પણ શિક્ષક દિવસની શાનદાર ઉજવણી કરેલ. આ દિવસે તાલીમાર્થીઓએ શાળાના દરેક વર્ગોમાં શિક્ષકની ભૂમિકા નિભાવી, શાળાના મંદબુધ્ધિ બાળકોને શૈક્ષણિક તેમજ રમત-ગમત, ચિત્ર, સંગીત, ઉદ્યોગ વિગેરેનું જ્ઞાન આપી, આ દિવસને ખરા અર્થમાં સાર્થક બનાવેલ. કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન તથા શ્રી ખુશ્બુબેન ચૌહાણે આ સુંદર




આયોજન કરેલ. આ સમય દરમ્યાન શાળાના શિક્ષકો દ્વારા સુંદર અને આકર્ષક ટીચિંગ લર્નિંગ મટિરીયલ બનાવવામાં આવેલ.

## ઓડિટેડ એકાઉન્ટ ૨૦૨૧-૨૨ (વિહંગાવલોકન)

પી.એન.આર. સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તા. ૪ સપ્ટે.`૨૨ ના રોજ ભાવનગર ખાતે યોજાય ગઈ. સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૧-`૨૨ ના નાણાંકિય હિસાબો તથા વર્ષ ૨૦૨૨-`૨૩ નું નાણાંકીય બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. સંસ્થાની કુલ આવક રૂા. 798.99 લાખની થયેલ. જયારે કુલ ખર્ચ રૂા. 687.41 લાખનું થયેલ. વર્ષના અંતે રૂા. 111.58 લાખની પુરાંત થયેલ. નાણાંકીય વર્ષના છેલ્લાં મહિનાઓમાં CSR પ્રોજેકટ હેઠળ, તેમજ FCRA ના વિવિધ પ્રોજેકટો હેઠળ ડોનેશન મળેલ હોય પુરાંત થોડી વધારે જણાય છે. વર્ષ દરમ્યાન રૂા. 277.56 લાખનું જનરલ ડોનેશન, તેમજ CSR (Corporate Social Responsibility) પ્રોજેકટ હેઠળ કુલ ૧૭ કંપનીઓનું રૂા. 112.80 લાખનું ડોનેશન પ્રાપ્ત થયેલ, જેમાં મુંબઈ કમિટીનું 80% કરતાં વધારે રકમનું યોગદાન રહેલ છે. તે માટે મુંબઈ કમિટીને ધન્યવાદ. FCRA A/C માં કુલ રૂા. 197.76 લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ. જેમાં ઈમ્પેકટ ફાઉન્ડેશન તથા PNR-USA ફાઉન્ડેશનનો મુખ્ય ફાળો છે. વર્ષ દરમ્યાન સરકારી ગ્રાન્ટ રૂા. 88.66 લાખની મળેલ છે, જે કુલ આવકના 11% જેટલી થવા જાય છે. વર્ષ ૨૦૨૨-`૨૩ નું બજેટ નીચે મુજબ મંજુર થયેલ છે. જેમાં... આવક રૂા. 991.66 લાખ - ખર્ચ રૂા. 990.17 લાખ રાખેલ છે. એકંદરે સંસ્થાની નાણાંકીય સ્થિતિ સારી રહી છે. શ્રી બાબાભાઈ (ચીફ એકિઝકયુટિવ અને ફાઉન્ડર ટ્રસ્ટી)ના માર્ગદર્શન નીચે, સંસ્થાના હોદ્દેદારોના ટીમ વર્કનું આ સુંદર પરિણામ છે.



**- હર્ષકાંત રાખશિયા (માનદ્ ટ્રેઝરર)**



## નટરાજ કૉલેજ લાઈબ્રેરી



✍ છાયા જોષી

* લાઈબ્રેરીમાં રક્ષાબંધનનું ડ્રોઈંગ કરાવીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી.
* લાઈબ્રેરીમાં તીરંગામાં કલરિંગ કરીને ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી.





# ૧ થી ૩૦ સપ્ટેમ્બર '૨૨ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Charu Mukund Bhuta - Mumbai | 10,000 |
| New Era Charitable Foundation | |
| C/O.New Era Engineering - Mumbai | 21,000 |
| Shri Parmarth Foundation - Bhavnagar | 50,000 |
| Shri K.N.Shah Charitable Trust, | |
| C/O.National Color Chem.Corp. - Mumbai | 8,00,000 |
| Shri K.N.Shah Charitable Trust, | |
| C/O.National Color Chem.Corp. - Mumbai | 7,00,000 |
| Shri S J Impax - Mumbai | 50,000 |
| Shri R Ravindrakumar - Ahmedabad | 11,000 |
| Late Shri Yogeshbhai J.Gandhi Through | |
| Shri Pallaviben Vipulkumar Gandhi - Rajkot | 11,000 |
| Shri Urmilaben Hempradipbhai Joshi | |
| Memory Of Late Shri Hempradipbhai Joshi - Bhavnagar | 25,000 |
| Shri Hansaben K.Mehta - Mumbai | 54,000 |
| Shri Ankur Kamalia - Mumbai | 50,000 |
| Shri Kanaiyalal Damodardas Padia-Bhavnagar | 25,000 |
| Shri Milankumar K.Nathani - Bhavnagar | 7,000 |
| Dr.Krutiben Pankajkumar Shah | |
| C/O. P.N.R.Hospital - Bhavnagar | 15,000 |

### CSR Donation

| | Rs. |
|---|---|
| M/S. LKP Finance Limited - Mumbai | 8,00,000 |
| M/S. LKP Finance Limited - Mumbai | 4,50,000 |
| M/S. LKP Finance Limited - Mumbai | 1,00,000 |
| M/S. Diamines And Chemicals Ltd. - Vadodara | 2,00,000 |
| The Associated Auto Parts Private Ltd. - Mumbai | 1,50,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Shroff Family Charitable Trust - Mumbai | 50,000 |
| Shri Ashokkumar Karshanbhai Gajera - Bhavnagar | 6,000 |
| Shri Dhavalkumar Girishbhai Patel - Anand | 3,000 |
| Late Kirtikumar Jitendraray Shah - Mahuva | 1,001 |
| Shri Prakashbhai M. Dhameliya - Bhavnagar | 6,000 |
| Shri Bhanumatiben Balkrishna Bhatt - Mumbai | 50,000 |
| Shri Nirmalsinh Satubha Gohil - Bhavnagar | 1,000 |
| Shri Kirankumar Chandulal Shah - Mumbai | 1,002 |
| Shri Jitubhai Savjibhai Vaghani - Bhavnagar | 19,800 |
| Shri Prakash R. Muni - Mumbai | 15,000 |
| Shri Vinaben Navnitray Bhatt - Bhavnagar | 2,500 |
| Shri Mukesh Pravinchandra Mehta - Bhavnagar | 1,21,000 |
| Shri Charuben Pankajbhai Shah - Bhavnagar | 15,000 |
| Shri Varunbhai Goswami - Bhavnagar | 6,000 |
| Shri Darshak Manharbhai Vaghela - Bhavnagar | 5,001 |
| Shri Balchandra P. Bhatt - Vadodara | 5,000 |
| Shri Darshanaben Y. Upadhyay - Bhavnagar | 13,000 |
| Late Dilipbhai Kantibhai Chauhan - Bhavnagar | 3,000 |
| Jitendra Jagannath Mehta - Mumbai | 50,000 |
| Shri Dhiman Mahendrabhai Shah - Bhavnagar | 6,000 |
| Shri B. M. Baxi - Bhavnagar | 1,500 |
| Shri Trupti Ullhas Paymaster - Mumbai | 1,01,000 |
| Shri Mahendra Jamnadas Ajmera - Mumbai | 25,000 |
| Shri Hansa Kamleshbhai Mehta - Mumbai | 27,000 |
| Late Dhirajlal Amrutlal Shah - Mumbai | 7,000 |
| Late Dayarambhai Santramdas - Bhavnagar | 6,000 |
| Shri Soniya Purasvani - Baroda | 7,000 |
| Shri Dhruv Patel - Bhavnagar | 1,400 |
| Shri Radhakrushna Mahila Mandal - Bhavnagar | 6,000 |
| Shri Aniruddhabhai Labhshankar Dave - Bhavnagar | 14,000 |
| Dr. Nisarg Pankajbhai Shah - Bhavnagar | 25,000 |
| Shri Switididi M. Bhayani - Bhavnagar | 9,500 |
| Shri Rinkudidi M. Bhayani - Bhavnagar | 9,500 |
| Shri Samirbhai Gandhi - Bhavnagar | 9,500 |
| Shri Mehulbhai Kothari - Bhavnagar | 9,500 |
| Shri Bijaldidi M.Kothari - Bhavnagar | 9,500 |
| Shri Amididi Ajmera - Bhavnagar | 9,500 |
| Shri Nileshbhai Sanghrajka - Bhavnagar | 9,500 |
| Shri Truptididi S. Gandhi - Bhavnagar | 9,500 |
| Shri Kalpanadidi S. Sanghrajka - Bhavnagar | 9,500 |
| Shri Japanbhai Ajmera - Bhavnagar | 9,500 |
| Shri Jashumatiben Vrajlal Mehta - Bhavnagar | 3,500 |
| M/S. Rotary Club Of Puna University - Pune | 22,000 |
| Late Shri Vivekbhai A. Doshi - Bhavnagar | 15,000 |
| Shri Gautam Trading Co. - Bhavnagar | 3,500 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 5,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Sevantilal Kantilal Trust - Mumbai | 5,00,000 |
| Shri D.N.Ajramar Sthanakwasi Jain Sangh Andheri-Mumbai | 1,03,111 |
| Shri Preeti Paresh Shah - Mumbai | 1,00,000 |
| Lincoln Pharmaceuticals Ltd - Ahmedabad | 1,00,000 |
| Shri Ajmera Charitable Trust - Delhi | 1,00,000 |
| Shri Rajeshbhai Harshvadan Bhatt - Surendranagar | 51,000 |
| Shri Bhupendreakumar Gandalal Nayee - Ahmedabad | 50,594 |
| Shri Jayeshbhai Jayantilal Patel - Anand | 50,001 |
| Shri Daksha Andhrutkar - Mumbai | 25,000 |
| Shri Purviben Vipulbhai Panchamiya - Rajkot | 25,000 |
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 25,000 |
| Shri Bhavnaben Vasant Pasad - Mumbai | 21,000 |
| Dr.Nisarg Pankajbhai Shah - Bhavnagar | 20,000 |
| M/S. K. Atulkumar & Co. - Mumbai | 11,000 |
| Shri Pranavbhai Kanaiyalal Pandya - Bhavnagar | 11,000 |
| Rotary Club (Society) Of Bhavnagar - Bhavnagar | 11,000 |
| Shri Jayshreeben Mahendrabhai Ajmera - Mumbai | 11,000 |
| Shri Mukeshkumar Manishankar Jani - | 10,000 |
| Shri Pankajbhai Bharatbhai Joshi - Bhavnagar | 10,000 |
| Shri Bharatbhai J. Shah - | 10,000 |
| Shri Hansa Niranjan Mehta - Mumbai | 5,001 |
| Late Shri Hasmukhbhai Mansukhlal Mehta - Mumbai | 5,001 |
| Shri Jasvantrai R. Sanghavi - Mumbai | 5,001 |
| Shri Shiv Yog Satsang Mandal - Bhavnagar | 5,000 |
| Shri Rashmikantbhai - | 2,002 |
| Shri Kishorbhai Narandas Mistry - Billimora | 2,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 1,500 |
| Shri Mukeshkumar H. Bhatt - Bhavnagar | 1,500 |
| Shri Purviben Vipulbhai Panchamiya - Rajkot | 1,100 |
| Late Shri Bakulaben Chhabilbhai Pandya - Bhavnagar | 1,100 |
| Shri Parasbhai Pandya - | 1,100 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |
| Late Shri Dhanjibhai Jerambhai Parmar - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ploycinic

| | Rs. |
|---|---|
| Shri Chemicone Chemical Industries - Palghar (Maharastra) | 1,11,111 |
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 1,50,000 |
| Shri Mahendrabhai Jamnadas Ajmera - Mumbai | 51,000 |
| Shri Nayanaben Ashokbhai Vora - Sangli | 1,00,000 |

# ૭૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM)

પી.એન.આર. સોસાયટી, ભાવનગરની વર્ષ ૨૦૨૧-૨૨ની ૭૫મી વાર્ષિક સામાન્ય સભા, તેમજ સમગ્ર ટ્રસ્ટી મંડળની મીટિંગ તા. ૪ સપ્ટેમ્બરે સંસ્થાના કોન્ફરન્સ હોલ, ભાવનગર ખાતે શ્રી શશીકાંતભાઈ વાઘરના પ્રમુખ સ્થાને યોજાય હતી. આ સભામાં મુંબઈ અને ભાવનગરના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સભાની શરૂઆતમાં પ્રમુખ શ્રી શશીકાંતભાઈ વાઘરે તમામ મેમ્બર્સને આવકારી સ્વાગત પ્રવચન આપેલ. સભાનું સંચાલન કરતા સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા ગત મીટિંગની વિગતો રજૂ કરી, જેને સભામાં ઉપસ્થિત મેમ્બર્સએ સર્વાનુમતે સ્વિકૃતી આપેલ.

૨૦૨૧-૨૨ ના ૭૫ મા ઓડિટેડ એકાઉન્ટની તથા વર્ષ ૨૦૨૨-૨૩ ના નાણાંકિય બજેટની વિગતવાર માહિતી સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા દ્વારા આપવામાં આવેલ. તેમજ વર્ષ દરમ્યાન મળેલ ડોનેશનમાં મુંબઈ ઓફિસ અને PNR-USA ના યોગદાનની માહિતી આપવામાં આવેલ. તમામ ટ્રસ્ટીશ્રીઓએ ઓડિટેડ રિપોર્ટને સર્વાનુમતે મંજૂરી આપેલ. ત્યારબાદ શ્રી પારસભાઈ શાહે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. જયારે વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રોજેકટમાં થયેલ પ્રવૃત્તિઓને આંકડાકીય, તેમજ ફોટોગ્રાફસ સાથે રજૂ કરવામાં આવેલ. શ્રી બાબાભાઈએ સંસ્થાની પ્રગતિ અને પડકારો વિશે વિશેષ રજૂઆત કરી હતી અને સંસ્થામાં સોશ્યલ મિડીયા માટે કાંઈક કરવું, તેવું પણ ચર્ચાને અંતે નક્કી કર્યું. આ વાર્ષિક સામાન્ય સભામાં મુંબઈથી શ્રી નરેન્દ્રભાઈ શાહ (ચેરમેન), શ્રી ભરતભાઈ પારેખ (વાઈસ ચેરમેન), શ્રી પ્રકાશભાઈ દેસાઈ (સહમંત્રી), શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી વામનભાઈ પારેખ, શ્રી હિતેનભાઈ દલાલ, શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ મંત્રી), શ્રી ધીરૂભાઈ ધંધુકિયા (સહમંત્રી), શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી મફતભાઈ અને કાર્યકરો ઉપસ્થિત રહેલ.

# વૃક્ષ દેવો ભવ : વૃક્ષારોપણનો કાર્યક્રમ સંપન્ન

તા. ૧૭ સપ્ટે.-૨૨ ના રોજ પી.એન.આર. સોસાયટી, નટરાજ કોલેજ, ભાવનગર દ્વારા વર્ષાઋતુના વધામણાની સંગાથે, પર્યાવરણને વધુ ઘનિષ્ઠ અને સકારાત્મક ઉર્જાવાન બનાવવાના પ્રયત્નો ચાલું છે. સંસ્થાના પરિસરને વધુ પ્રાણવાન, પક્ષીઓના કલરવ, ફૂલો અને ધરતીની સુગંધથી મહેકાવી દેવા, મુખ્ય વૃક્ષો આમળા, ચેરી, જમરૂખ, ફાલસા, દાડમ, જાંબુ, નારિયેળી અને શિવજટા વગેરેનું સંસ્થા પરિવારના સર્વશ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા,



શ્રી મુકેશભાઈ જોધવાની, શ્રી મનસુખભાઈ સોરઠિયા, શ્રી કીર્તિભાઈ ગાંધી, શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી હિતેનભાઈ પંડયા તથા વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થામાં ૫૦૦૦ ઉપરાંત નાના-મોટા વૃક્ષોથી સમગ્ર પર્યાવરણ સુશોભિત છે. પર્યાવરણ વિશે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ, હાઈટેક ઈન્કલુસિવ સ્કૂલના બાળકોને વૃક્ષો શું કામ ઉછેરવા જોઈએ ? તેના વિશે વિસ્તૃત જાણકારી આપેલ.

# વિનામૂલ્યે મોતિયાનો કેમ્પ યોજાયો

પી.એન.આર. હોસ્પિટલ ભાવનગરના ઉપક્રમે સ્વ. ગિરીશભાઈ અમૃતલાલ શાહ (પૂર્વ કલેકટરશ્રી) ની જન્મ સ્મૃતિમાં, તેમના પરિવાર તરફથી તા. ૧૨ સપ્ટે.-૨૨ ના રોજ મોતીબિંદુની તપાસ તથા નેત્રમણિનો નિઃશૂલ્ક કેમ્પ અને બાળકોના દાંતની નિઃશૂલ્ક તપાસ કરવામાં આવી હતી. જેમાં આંખના ૫૬ દર્દીની તપાસ તથા ૨૪ દર્દીના ઓપરેશન કરવામાં આવેલ.

આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ મંત્રી) દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. સ્વ. ગિરીશભાઈ પરિવારના શ્રી પ્રતિભાબેન શાહ અને અન્ય સભ્યો દ્વારા દીપ પ્રાકટય કરવામાં આવેલ. પુષ્પગુચ્છથી સન્માન બાદ શ્રી ગિરીશભાઈ શાહ (ટ્રસ્ટીશ્રી), બાળ આરોગ્ય નિષ્ણાંત ડૉ. જયેશભાઈ પંડયાએ પ્રસંગોચિત વકતવ્ય આપેલ. શ્રી મહાસુખભાઈ જકડિયા (હોસ્પિટલ ચેરમેન) દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



PNR ની AGM માં ઉપસ્થિત કાર્યકરો

# પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર



દાતાશ્રી ડી.કે. અજમેરાને હસ્તે વેક્સીનેશન સેન્ટરનું ઉદ્દઘાટન



સ્વ. ગિરીશભાઈ શાહના સ્મરણાર્થે ઓપ્થેલ્મિક કેમ્પનું ઉદ્દઘાટન




PNR માં વૃક્ષારોપણ કાર્યક્રમ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Octo.- 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com